**સેશન્સ કેસ નંબરઃ– ૭૯/૨૦૧૬**

**આંક –૧૧૭**

| સેશન્સ કેસ નંબરઃ– ૭૯/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | વિજયસિંહ દિનુભા વાઘેલા | | | |
| ધર્મ | હીન્દુ | | મોબાઈલ નં બર | 9687479720 |
| ઉંમર આશરે | ૩૩ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણકપુર, તા.ઓગડ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | | | |
| સરતપાસ એ.પી.પી.શ્રી એસ.કે.જોષી. રજા પર હોય ઈ.ચા.વી.બી.કંસારા | | | | |

(૧) હું રાણકપુર ગામે મારા માતા પિતા સાથે રહુ છુ અને ખેતી કરીને મારુ ગુજરાન ચલાવુ છું.

(૨) બનાવને કેટલો સમય થયો તે મને હાલ યાદ નથી. બનાવ સમયે હું મારા ખેતરથી ઘર તરફ આવતો હતો. તે સમયે ત્યાં હોબાળો થતા જોયેલ તો ઝાલા વિનુભા શાંતુભા, ઝાલા દાનુભા ઉર્ફે પમ્પી ભવાનીસિંહ, ઝાલા મનુભા બચુભા તથા અર્જુનસિંહ નાનુભા ઝાલા હાજર હતા. આ લોકોના હાથમાં કોઈ હથિયાર જેવા સાધનો હતા કે નહી તે મે જોયેલુ ન હતું. ત્યાં હોબાળો થયેલ હતો અને દોડા દોડ થતા મારા કાકા જયરાજસિંહને માથાના ભાગે કંઈક વાગેલુ હતુ અને વિજયસિંહ દિનુભા વાઘેલાને માથામાં વાગેલુ હતુ તેવુ મે જોયેલુ નથી. તેમજ અર્જુનસિંહ નાનુભાને માથામાં વાગેલુ હતુ તેવુ મે જોયેલુ ન હતું. આ ઝઘડામાં વિનુભાએ બધાને ઉશ્કેરણી કરેલ હોય

સાહેદની સહી............................

અને અમો બધાને માબેન સામી ભુંડી ગાળો બોલેલ હોય તેવુ બનેલ નથી. આ લોકોને કોઈ હથિયાર જેવા કે તલવાર કે કુહાડી ઈજાઓ થયેલ હોય તેવુ મે જોયેલ નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નથી. તેમજ આ બધાએ થરા સરકારી દવાખાને સારવાર કરવા સારૂ લઈ ગયેલા તેમજ વધુ સારવાર માટે ધારપુર સિવીલમાં રીફર કરેલા હતા તે હકીકત મે જાણેલી.

આરોપીઓ અમારા ગામના હોવાથી ઓળખુ છું.

<u>હોસ્ટાઈલ</u>

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૧૫/૯/૧૫ના રોજ સવારના સાડા નવેક વાગ્યાના સુમારે રસ્તામાં સતીમાતાના મંદિર પાસે ઝાલા વિનુભા, ઝાલા દાનુભા ઉર્ફે પિમ્પી ભવાનસિંહ, મનુભા બચુભા ઝાલા, અર્જુનસિંહ નાનુભા ઝાલાનાઓને વિનુભા ઉશકેરણી કરતા હતા અને તે વખતે દાનુભા ઉર્ફે પિમ્પીના હાથમાં તલવાર તથા મનુભા બચુભાના હાથમાં ધારીયુ, અર્જુનસિંહ નાનુભા ઝાલાના હાથમાં કુહાડો હતો જેઓ મારા કાકા તથા કાકીઓને મા બેન સામી ભુડી ગાળો બોલી અને જયરાજસિંહને ઝાલા દાનુભા ભવાનસિંહે તેમના હાથમાંની તલવાર મારા કાકાના માથામાં મારેલ અને ઝાલા વિનુભા શાંતુભાએ તેમના હાથમાંનો ધોકો જમણા પગે ઢીંચણ પર મારેલ. મારા કાકા ગોવિંદસિંહ ઉદુભા વાઘેલા મજુરી કરી પરત આવતા હતા તે વખતે હોબાળો સાંભળીને હુ તથા વિજયસિંહ દીનુભા વાઘેલા આવેલા અને

સાહેદની સહી............................

તેઓને વચ્ચે પડી છોડાવા જતા ગોવિંદસિંહ ઉદુભા વાઘેલાને મનુભા બચુભા ઝાલાએ માથામાં ધારીયુ મારેલુ અને વિનુભા શાંતુભા વાઘેલાએ ડાબા હાથે કાંડા પર ધોકો મારેલો અને વિજયસિંહને ઝાલા અર્જુનસિંહે તેમના હાથમાંનો કુહાડો ઉંધો મારેલો. તે સમયે દાનુભા ઉર્ફે પિમ્પી ભવાનસિંહએ વિજયસિંહને તલવારનો ઘા મારવા જતા વિજયસિંહ માથુ ઉંચુ કરી દેતા દાનુભા ઝાલાએ કરેલ તલવારનો ઘા અર્જુનસિંહને નાનુભા ઝાલાને માથામાં વાગેલુ અને આ માબેન સામી ભુંડી ગાળો બોલતા હતા. ત્યારબાદ ઈજાપામનારાઓને ટ્રેકટરમાં બેસાડી સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી..**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. આઈ.એલ.દેસાઈ..**

(૩) ઉલટતપાસ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેરતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૭/૦૧ /૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................